# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-02-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-વેપાર કરાર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતનો અમેરિકા સાથેનો ઐતિહાસિક વેપાર કરાર સતત ધીરજનું પરિણામ છે. શ્રી મોદીએ સંસદ ભવનમાં સંસદીય પક્ષની બેઠકમાં NDA સાંસદોને સંબોધતા આ વાત કહી. ભારત અને અમેરિકા એક ઐતિહાસિક વેપાર કરાર પર પહોંચ્યા છે જેના હેઠળ વોશિંગ્ટન ભારતીય ઉત્પાદનો પર પારસ્પરિક ટેરિફ ઘટાડીને 18 ટકા કરશે.આ વેપાર કરારથી ગુજરાતના કાપડ અને હીરા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ જીવનરેખા આવી છે.

ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડર્સ એસોસિએશન ના અધ્યક્ષે આ કરારને આવકારતા કહ્યું કે તેનાથી નિકાસ ઓર્ડરમાં મોટો ઉછાળો આવશે, જેનો સીધો લાભ રાજ્યભરના હજારો MSME એકમો અને વણકરોને થશે.

---

## PM-પરીક્ષા પે ચર્ચા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 6 ફેબ્રુઆરી, શુક્રવારે લોકોને 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ જોવા આમંત્રણ આપ્યું છે. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે યુવાનો સાથે વાતચીત કરવાથી ઉર્જા મળે છે. તેમણે ઉમેદવારોને તણાવ વગર પરીક્ષા આપવા, પડકારોનો સામનો કરવા માટે વ્યવહારુ પદ્ધતિઓ અપનાવવા, સંકલન બનાવવા અને આત્મવિશ્વાસ વધારવા વિનંતી કરી.

શ્રી મોદીએ માહિતી આપી કે આ વર્ષે દેવમોગરા, કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને તેમના સત્તાવાર નિવાસસ્થાન, 7 લોક કલ્યાણ માર્ગ, દિલ્હીમાં ઉમેદવારો સાથે મહત્વપૂર્ણ સત્રો યોજવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## બજેટ-પુરાતત્વીય સ્થળો:

સરકારે કેન્દ્રીય અંદાજપત્રમાં, ધોળાવીરા, લોથલ, રાખીગઢી, આદિચનલ્લુર, સારનાથ, હસ્તિનાપુર અને લેહ પેલેસ સહિત 15 પુરાતત્વીય સ્થળોને જીવંત અને પ્રાયોગિક સાંસ્કૃતિક સ્થળોમાં વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, સંસ્કૃતિ મંત્રાલયના સચિવ વિવેક અગ્રવાલે આ નિર્ણયની પ્રશંસા કરતા કહ્યું કે આ પહેલો પ્રવાસન સ્થળો પર માળખાગત સુવિધાઓના વિકાસ તેમજ આજીવિકા નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપશે.

---------------------------------------------------------------------------------------------

## CM-ભગવાન બુદ્ધના અવશેષો:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોને શ્રીલંકામાં પ્રદર્શિત કરવા મોકલ્યા. વડોદરાના સૌથી પ્રાચીન વિમલેશ્વર મહાદેવ નજીક નીકળેલી શોભાયાત્રામાં પોલીસ દ્વારા પવિત્ર અવશેષોને ગાર્ડ ઓફ ઓનર આપી વિદાય અપાઈ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું પ્રતિનિધિ મંડળ દિલ્હી ખાતેથી આ પવિત્ર અવશેષો સાથે કોલંબો જશે.

---------------------------------------------------------------------------------------------

## સુરત ખાતે અશ્વ શો:

સુરતમાં 7મા તાપી અશ્વ પ્રદર્શની - 2026'નું ગઈકાલે સમાપન થયું હતું. ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગ અને સુરત હોર્સ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ ચાર દિવસીય અશ્વ મહોત્સવમાં એક લાખ 20 હજારથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી.

નવી પેઢી એનિમલ સ્પોર્ટ્સ અને આપણી ભવ્ય અશ્વ સંસ્કૃતિથી પરિચિત થાય તે હેતુથી યોજાયેલ આ પ્રદર્શનીમાં રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રથી આવેલા 340 થી વધુ અશ્વો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પ્રદર્શનીમાં અશ્વો અને અશ્વ સવારો વચ્ચેના તાલમેલને રજૂ કરતી વિવિધ રોમાંચક સ્પર્ધાઓ પણ યોજાઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## મહિલા પ્રિમિયર લીગ:

મહિલા પ્રીમિયર લીગના એલિમિનેટર રાઉન્ડમાં દિલ્હી કેપિટલની ટીમે ગુજરાત જાયન્ટસની ટીમને 7 વિકેટે હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતની ટીમના 7 વિકેટના ભોગે 168 રનના જવાબમાં ત્રણ વિકેટ ગુમાવી 169 રન કરી મેચ જીતી લીધી હતી.

લીઝલી લીએ 43 અને સુકાની જેમીમાં રોડરીગે 41 રન કર્યા હતાએ અગાઉ ગુજરાતની ટીમે 7 વિકેટ ગુમાવી 168 રન કર્યા. બેથ મુનિ 62 રન કરી નોટઆઉટ રહ્યા હતા. અંતિમ જંગમાં દિલ્હીનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે આવતીકાલે ગુરુવારે થશે.

---------------------------------------------------------------------------------------------

## જી.કે.જનરલ હોસ્પિટલ:

ભુજની અદાણી સંચાલિત જી.કે.જનરલ હોસ્પિટલમાં બાળ રોગ અને મનોચિકિત્સક વિભાગના સંયુક્ત ઉપક્રમે સાતત્ય મેડિકલ શિક્ષણ અંતર્ગત બાળક ગર્ભમમાં હોય ત્યારથી લઈ

**જન્મે અને પછી મોટુ થાય ત્યાં સુધી શારીરિક અને માનસિક વિકાસને લગતી સમસ્યાઓની ઓળખ અને સારવાર ઉપર સંબંધિત તબીબો માટે સેમિનાર યોજાયો હતો.**

**આજે વિશ્વ કેન્સર દિવસ નિમિતે કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારજનો માટે આશા હિંમત અને સહકારના સંદેશ સાથે જનરલ હોસ્પિટલના તબીબોએ જાગૃતી માટે માર્ગદર્શન આપ્યુ હતું.**

**-------------------------------------------------------------------------------------------**

## અંજાર નગર પાલિકા:

**અંજાર નગરપાલિકા પ્રમુખ વૈભવ કોડરાણીની અધ્યક્ષતામાં ગઈકાલે મળેલી સામાન્ય સભામાં મુખ્ય રોડને આઇકોનિક ગૌરવપથ માર્ગ બનાવવા તેમજ એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ અંતર્ગત શ્વાનનું ખસીકરણ અને વિવિધ ગ્રાન્ટોમાંથી વિકાસનાં કામો હાથ ધરવા સહિતના એજન્ડાઓને મંજૂર કરવામાં આવ્યા હતા.**

**-------------------------------------------------------------------------------------------**